સ્વામિશ્રીજી



# ગુરુપૂર્ણિમાનું હાર્દ : ગુરુહરિમાં પ્રગટ શ્રીજી સ્વામી ને યોગીનાં દર્શન, સર્વત્ર સર્વમાં 'સહજાનંદ'નાં દર્શન

*'**પ્રત્યક્ષ** પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા*
*તેને આત્યંતિક કલ્યાણ કહીએ...'*

શ્રીજી મહારાજનાં આ દિવ્ય વચન
આપણે આત્યંતિક કલ્યાણના ઈચ્છુક
આપણે સૌ સાધક... સાધનાના પંથે
આપણને પ્રત્યક્ષ અને પ્રગટ પુરુષોત્તમ
જે સદાકાળ માટે પ્રગટ... આજે... કાલે
શાશ્વતકાળ સુધી સદાય પ્રત્યક્ષ
તે સ્વરૂપમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ
તેને રાજી કરી લેવાની લગની લાગી ગઈ
તે સ્વરૂપે આપણને સ્વીકાર્યા તેથી ધનભાગી
હવે તે કર્તાહર્તા... તે જ કલ્યાણદાતા
તે નિશ્ચય પાકો થયો છે... જરૂર
છતાં તે સ્વરૂપમાં પૂર્ણ દિવ્યભાવ દૃઢ કરવો છે
તે શ્રીજી ને સ્વામીનું પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ
તે આજે આ સાહેબદાદા સ્વરૂપે મને પ્રાપ્ત
તેના અભિપ્રાયમાં પ્રતિક્ષણ જીવી લેવું છે
તે વિના અન્ય વળગણ તેના બળે ટાળવાં છે
તે જાણપણાની જાગ્રતતાની સાધના સતત ચાલે છે
તેની પૂર્ણાહુતિ જ કરી લેવી છે... આ પળે... આ જન્મે
તે માટે સજગ રહી સેવા ભક્તિ કરતા રહેવું છે
સંબંધી સર્વ નિર્દોષ છે તે દૃઢ કરી લેવું છે
તે સાધનાથી જ મારા ગુરુ... મારા સાહેબજી રાજી થાય
તે ઝંખતા રહેવું છે ને જીવતા રહેવું છે.
પરિણામ સ્વરૂપે
અમારા અહંનાં વિસર્જન પૂર્ણપણે લય
કેવળ તે જ પ્રગટ મારામાં ને આ સર્વમાં
તેનાં દર્શન તે મારા ગુરુદેવનાં દર્શન
મારા ગુરુહરિમાં પ્રગટ શ્રીજી સ્વામી ને યોગીનાં દર્શન
પછી સર્વત્ર સર્વમાં 'સહજાનંદ'નાં દર્શન
તે દિવ્ય અનુભૂતિનો સાક્ષાત્કાર કરી લેવા



તે ભાવે જીવન જીવી લેવા સાધના કરી લેવાના
દૃઢ સંકલ્પ સાથે 'ગુરુપૂર્ણિમા' ઊજવવી છે
આ પર્વ સાધકો માટે ભક્તો માટે મંગલકારી
તે પર્વને આ 'અધ્યાત્મ સમજ' ને સંકલ્પ સાથે
માણીએ ઊજવીએ ને ગુરુપૂજન કરીએ.

**હે દયાળુ ! હે પ્રભુ પરમ !**

અમ સૌ આપની કૃપાનાં યશભાગી
આપનાં સંતાનો આપનાં આશ્રિત છીએ
આજે અમારા ગુરુદેવ સંતભગવંત સાહેબજી...
તેઓનાં પૂજન કરીએ છીએ ને સંકલ્પ કરીએ છીએ
અમે અમારું સમગ્ર અર્પણ કરીએ
મન બુદ્ધિ અર્પણ કરી દઈએ
ઈન્દ્રિયો અંતઃકરણ ભક્તિરૂપ ક્રિયામાં વાપરીએ
તે દિવ્ય સ્વરૂપે અમને શ્રીજી ને સ્વામી મળ્યા
તેનાં સંબંધી સૌને તેઓનાં સ્વરૂપો માનીએ
તેવા પરમ ભાવે તેઓનો સ્વીકાર કરીએ
તેવો સૌ સાથે વ્યવહાર કરીએ
વાણી વર્તને તે વિવેક મર્યાદા જાળવીએ
અહોભાવે તે સૌની સેવા કરીએ
આપને રાજી કરી લેવાનું ઉત્તમ ને એકમાત્ર સાધન માનીએ
તે કરીએ તો અમે દેહભાવથી પર થઈશું
બ્રહ્મભાવે જીવતા થઈશું જ તે સ્વીકારીએ.
સાહેબજીમાં પરમભાવ ને મહિમાનો ભાવ, દિવ્યભાવ
તેવો જ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા ને સદ્‌ગુરુ સંતોમાં ધારીએ
તે ભાવે અમે થઈ રહીએ તે ગુરુપૂજન માનીએ
આજે પરમ દિવ્ય સંકલ્પ સાથે આ પૂજન કર્યાં
તે આપ સ્વીકારો અને આપમાં એકાકાર કરી દો !
આ પ્રાર્થના છે દૃઢ સંકલ્પ છે તે સ્વીકારો પ્રભુ !

સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.
૧૬ જૂન ૨૦૧૭